## ગોમતીપુર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

ટેલી.નં. ૦૭૯-૨૨૯૪૧૯૨૧ polstn-gomti-ahd@gujarat.gov.in
પોલીસ કંટ્રોલ રૂમ ટેલીફોન નંબર-૦૭૯-૨૫૬૨૦૫૧૦

# પ્રેસનોટ

## ગોમતીપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનેલ ઘરફોડ ચોરીના બે ગુનાઓનો ભેદ ઉકેલતી ગોમતીપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "એચ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓ તરફથી મળતી સુચનાઓ જેમાં મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તથા બનેલ ગુનાઓને શોધી કાઢવા સારૂ મળેલ સુચનાઓ આધારે

ગોમતીપુર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૬૫/૨૦૧૯ ઈપીકો કલમ ૪૫૪ ૪૫૭ ૩૮૦ મુજબ તથા ફ.ગુ.ર.નં.૧૬૬/૨૦૧૯ ઈપીકો કલમ ૪૫૪ ૪૫૭ ૩૮૦ મુજબના ઘરફોડનો ગુનો દાખલ થયેલ હોય જે ગુનાઓનો ભેદ ઉકેલવા સારૂ પોલીસ ઈન્સ્પેકટર શ્રી સી.બી.ટંડેલ સાહેબના માર્ગદશન હેઠળ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઈન્સશ્રી એસ.આઇ.રઇશ તથા બીજા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન સર્વેલન્સ સ્કોડના લો.ર સૈફુલખાન રશીદખાન બ.નં.૧૧૭૦૯ નાઓની બાતમી આધારે આરોપી નં.૧.મોહમદ ઈલીયાસ સ/ઓ લીયાકતઅલી બચ્ચા સરદાર મણીયાર ઉ.વ.૧૯ રહે.પુજારીની ચાલી નુરી મસ્જીદની પાસે ચારતોડા કબ્રસ્તાનના ગેટની સામે ગોમતીપુર અમદાવાદ શહેર તથા નં.૨.આબીદહુસૈન સ/ઓ મોહમદહુસૈન મોહમદહનીફ અંસારી ઉ.વ.૧૯ રહે.મ.નં.૧૯૪૪/૨૨ પટેલની ચાલી પોસ્ટ ઓફીસની બાજુમાં કામદાર મેદાન ગોમતીપુર અમદાવાદ શહેર તથા નં.૩. અબુતાલીબ સ/ઓ અમીરઉલ્લા બિસ્મીલ્લા અંસારી ઉ.વ.૨૧ રહે.મ.નં.સી-૫૦૭ એકતા એવન્યુ ફ્લેટ ચારતોડા કબ્રસ્તાનની બાજુમાં હાથીખાઇ ગાર્ડનની સામે ગોમતીપુર અમદાવાદ શહેર નાઓ ગોમતીપુર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૬૬/૨૦૧૯ ઈપીકો કલમ ૪૫૪ ૪૫૭ ૩૮૦ મુજબના ગુનાના કામે ચોરીએ ગયેલ રોકડા નાણા રૂ.૪૦,૦૦૦/- તથા મોબાઈલ ફોન નંગ-૦૧ સાથે મળી આવતા રોકડા નાણા રૂ.૪૦,૦૦૦/- તથા મોબાઈલ ફોન નંગ-૦૧ રીકવર કરી ત્રણેય આરોપીઓને ગુનાના કામે તા.૧૮/૧૦/૨૦૧૯ ના કલાક: ૧૯/૩૦ વાગે પકડી અટક કરી પુછપરછ હાથ ધરવામાં આવેલ આરોપીઓની પુછપરછ દરમ્યાન પકડાયેલ આરોપી નં.૧ તથા ૨ નાઓએ ગોમતીપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ સિમેન્ટની ચાલી ખાતે આવેલ રોઝ ગારમેન્ટ નામના કારખાના માંથી રોકડા નાણાની ચોરી કરેલાનુ જણાવતા હોય જે મતલબે ગોમતીપુર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૬૬/૨૦૧૯ ઈપીકો કલમ ૪૫૪ ૪૫૭ ૩૮૦ મુજબ રોકડા નાણા રૂ.૧,૮૦,૦૦૦/- ની મત્તાની ઘરફોડ ચોરીનો ગુનો દાખલ થયેલ હોય જે ગુનાના કામે ચોરીના રોકડા નાણા રૂ.૧,૮૦,૦૦૦/- રીકવર કરવામાં આવેલ છે. ઉપરોક્ત ત્રણેય આરોપીઓ હાલમાં રીમાંન્ડ ઉપર છે આગળની તપાસ ચાલુ છે.